**પીવાનું ગંદુ - ગંધાતું પાણી... ભાજપી શાસકોની અંદરો અંદર બઘડાટી... ગૂંડાઓ - અધિકારીઓના ભય - ભૂખ દૂર... 'વાઇબ્રન્ટ' શબ્દ ગંધાઇ ગયો...**

# કાઠિયાવાડમાં કો'ક દી' ભૂલા પડજો, મોદી ભાઇ!

### ... તો તને નર્ક ભૂલાવું મોદી ભાઇ !

તંત્રીશ્રી,

લોકસભાની ચૂંટણી પછી સૌરાષ્ટ્રમાં ભાજપે લોકનિષ્ઠા, સદ્‌વૃત્તિ, શિસ્ત બધું જ ગુમાવી દીધું હોય તેવું લાગે છે. વાઇબ્રન્ટ ગુજરાતનો પ્રભાવ કાઠિયાવાડમાં જરાપણ જોવા મળતો નથી. ભાજપી શાસકો - નેતાઓ ભાન ભૂલ્યા છે, અંદરો અંદર બાખડવામાં કોંગ્રેસ સાથે સ્પર્ધા કરી રહ્યા છે. તંત્ર - અધિકારીઓ પર કોઇની પકડ રહી નથી. દોઢ-બે કરોડ કાઠીયાવાડીઓ ભગવાન ભરોસે થઇ ગયા છે. સ્વર્ણિમ્ ગુજરાતના ધજાગરા સૌરાષ્ટ્રમાં ઉડી રહ્યા છે. મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીની છાપ બગડી રહી છે.

પાણી સમસ્યાને ગુજરાત વટો આપવાના દેકારા ખૂબ થયેલા, નરેન્દ્ર મોદી એક વખત રાજકોટ અચાનક મુલાકાત ગોઠવે તો ખ્યાલ આવે કે, પીવાનું પાણી અપૂરતું અને ગંદુ-ગંધાતું વિતરણ થાય છે. સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં આ પ્રશ્ન છે, પરંતુ ભાજપી શાસકો પ્રચારના મંજીરા વગાડવામાંથી ઉંચા નથી આવતા. નરેન્દ્ર મોદી રાજકોટમાં વીતરિત થતું પાણી પીએ તો ચોક્કસ બીમાર પડે, તેવો ગેરન્ટીવાળો માલ મહાપાલિકાના ભાજપી શાસકો દ્વારા વિતરણ કરવામાં આવે છે.

સૌરાષ્ટ્રમાં ક્રાઇમ રેટમાં પણ ધરખમ વધારો થયો છે. ગુનેગારોના તથા પોલીસ અધિકારીઓના ભય-ભૂખ દૂર થઇ ગયા છે. લોકો ફફડી રહ્યા છે અને નેતાઓ તાગડધિન્ના કરી રહ્યા છે. શહેરોની હાલત તો ખરાબ છે જ, ગામડાઓની દશા પણ બગડતી જાય છે. નધણિયાતા જેવી સૌરાષ્ટ્રની દશા જોઇને કાઠીયાવાડી મોદી પ્રેમીઓની અવદશા થાય છે.

મોદીભાઇ, એટલું યાદ રાખજો કે, સાડા પાંચ કરોડ ગુજરાતીઓમાં દોઢ કરોડ સૌરાષ્ટ્રીઓનો પણ સમાવેશ થાય છે. વાઇબ્રન્ટની હવા કાઠીયાવાડ બાજુ પણ આવવી જોઇએ. કાઠિયાવાડીઓ ભગવાનને આમંત્રણ આપવાની ખુમારી ધરાવે છે, પરંતુ તમને જુદી રીતે આમંત્રણ આપે છે - કાઠિયાવાડમાં કો'ક દી' ભૂલા પડજે, મોદીભાઇ... તને નર્કનો અનુભવ કરાવું વાઇબ્રન્ટ મહારાજ !

- રવજીભાઇ પટેલ

### શિક્ષણ : બાળકોને ધૃણા નહિ, પ્રેમ આપો

તંત્રીશ્રી,

રાષ્ટ્રનું ઘડતર કરનારા શિક્ષણ વિભાગના આઝાદીના ૬૦ વર્ષ પછી પણ કાંઇ ઠેકાણા નથી. પ્રમાણિકતા સભર વ્યવસ્થા આપણે ગોઠવી શક્યા નથી તેનો પુરાવો આ રહ્યો. સરકારી ગ્રાન્ટથી ચાલતી માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનું ૩૦ ટકાથી ઓછું પરિણામ બોર્ડમાં આવ્યું તે શાળાના સ્ટાફ માટે તેના વેકેશનને ઝુંટવી લેવા જેવું અને તેને બિનઅનુકૂળ કોર્ષ લાગુ કર્યો પરંતુ આવું પરિણામ કેમ આવ્યું તેના વિશે તલસ્પર્શી અભ્યાસ કરવાનું કેમ કોઇએ વિચાર્યુ નહીં ? સરકારી ગ્રાન્ટથી ચાલતી શાળા માટે વિચારવા જેવા આ મુદ્દાઓ તપાસો.

સ્વનિર્ભર શાળાઓ મોટાભાગે ઉંચુ પરિણામ ધરાવતા હોશિયાર વિદ્યાર્થીઓને જ પોતાની શાળામાં એડમીશન આપે છે. જેને કારણે સારા પરિણામલક્ષી વિદ્યાર્થીઓનો આ પ્રાઇવેટ શાળાઓ ખેંચી જાય છે. બાકીના ૩૫ ટકાથી ૫૫ ટકાએ પાસ થયેલા વિદ્યાર્થીઓ જ આ સરકારી શાળાઓના ભાગમાં આવે છે. આ સત્ય વાત છે. તેમાં વળી જે લોકો આ તગડી ફીના ખર્ચી શકે તેવા હોશિયાર વિદ્યાર્થીઓ માટે પણ પ્રગતિના દરવાજા બંધ થઇ જાય છે.

ખરેખર વહેલા તે પહેલાના ધોરણે દરેક સ્કૂલે ૮માં ધોરણથી દાખલ થવાની પધ્ધતિ ફરજીયાત અમલમાં હોવી જોઇએ અને દરેક સ્વનિર્ભર સ્કૂલોમાં ૩૦ ટકા સરકારી ગ્રાન્ટેબલ સ્કૂલ જેટલી જ ફીના ધોરણો હોવા જોઇએ જેને વિદ્યાર્થીઓ સ્થાનિક શિક્ષણ અધિકારીની કચેરીમાંથી ભલામણ સાથે વિદ્યાર્થીઓનો મોકલવા જોઇએ જેના કારણે નાના ઘરના બાળકો કે ઓછા માર્કે પાસ થયેલા બાળકોને સમાન તક મળે તો જ પરિણામો સમરસ મળી શકે અને ન્યાય સુસંગત શિક્ષણ વ્યવસ્થાનું માળખુ લાગે બાકી તો બાળ માનસથી આવા અન્યાયો સહન કરતા કરતા યુવાન થતો રાષ્ટ્રનો નાગરિક પોતાના દેશ પ્રત્યે પ્રેમ કરવાને બદલે ધૃણા કરતો જોવા મળશે જેનો ભાવી પરિણામો ચિંતાજનક રહેશે.

- વંદના કાવઠિયા (રાજકોટ)

### રેલ્વે બજેટ અંગે

તંત્રીશ્રી,

આગામી રેલ્વે બજેટમાં (૧) તમામ રેલ્વે સ્ટેશન ઉપર જ હાલ ચા, ગરમ ફરસાણ, નાસ્તો, જમવાની જે સુવિધા છે તે ચાલુ રખાવો (૨) રેલ્વે સ્ટેશન ઉપર ટ્રેનમાં ભાવપત્રક મુકાવો તથા તેનું પાલન સતત કરાવો. (૩) તમામ સ્ટોલ ધારકે ગ્રાહક બરાબર જોઇ શકે તે રીતે વજન કરવા જરૂરી સુચના અપાય તેનું પાલન કરાવો. (૪) રેલ્વે પોતે તથા તમામ સ્ટોલ ધારકો પેન્ટ્રીકાર મહત્તમ સોલાર સીસ્ટમનો ઉપયોગ કરી, ગેસ, વીજળીનો ખર્ચ બચાવી તેનો ફાયદો રેલ્વે તથા ગ્રાહકને થાય તે જોવો (૫) ગુજરાતને થતો અન્યાય દુર કરો.

- રાષ્ટ્રીય યુવા યોજના (રાજકોટ)

### સરકારી તંત્ર

તંત્રીશ્રી,

આપણુ સરકારી તંત્ર પ્રમાણમાં ઘણું સારૂ છે જેમાં ૯૮ ટકા સંસ્કારી, સારા, માનવતાવાદી કર્મચારી, અધિકારી વર્ગ છે. ફકત બે ટકા જ ભ્રષ્ટાચારી છે તે યાદ રાખવું જોઇએ. ૨ ટકાને કારણે ૯૮ ટકાને અન્યાય ન કરાય. આજે અમુક કામ ન થતા સરકારના જેતે ખાતા સામે પાયાવિહિન આક્ષેપો ન કરવા જોઇએ. સરકારે શિક્ષણમાં સંસ્કાર, માનવતા, સાદગી, દેશપ્રેમ ઉપર વધુ મહત્વ આપી, સમગ્ર ખાનગી, સરકારી તંત્રને માનવતા, સાદગી, સંસ્કારના રંગે રંગી દેવું જોઇએ. કુવામાં હશે તો અવેડામાં આવશે.

- દેવજી (જેતપુર)

> ## મોકળુ મેદાન...ઉઠાવો કલમ
>
> **પ્રિય વાચક મિત્રો,**
>
> **''મોકળુ મેદાન'' વિભાગ દર ગુરૂવારે પ્રકાશિત થાય છે. જેમાં આપનાં મંતવ્યો, પ્રશ્નો તથા સ્વરચિત કાવ્યકૃતિઓ, હાઇકુ, લઘુકથાઓ અને કાર્ટૂનો પ્રસિદ્ધ કરવામાં આવે છે. આપના અભિપ્રાય, પ્રશ્નો, કૃતિઓ પોસ્ટકાર્ડ પર પણ મોકલી શકાય છે... ઉઠાવો કલમ**
>
> **: સરનામૂ :**
> **અકિલા દૈનિક**
> **મોટી ટાંકી ચોક, સદર, રાજકોટ**

### પાકને અમેરિકી સહાય

તંત્રીશ્રી,

આતંકવાદને નાથવાના બહાને અમેરિકા પાકિસ્તાનને વધુને વધુ જંગી સહાય કરી ભારતીય નાગરિકોને ભારત સરકારને તકલીફમાં મુકી રહ્યું છે. આપણા દેશના, આપણા કમનસીબે ચીન જેવો નગુણો દેશ, અમેરિકા જેવો દંભી દેશનો પનારો આપણને પડયો છે. ભારતે આર્થિક રીતે મજબૂત થવું હોય તો એકમાત્ર ઉપાય સૌથી વધુ અગ્રતા વૈકલ્પિક ઉર્જાને આપવાની જરૂર છે. જો આપણે આપણા દેશમાં મહત્તમ વૈકલ્પિક ઉર્જાનો ઉપયોગ કરીશું તો જ આપણું હુંડીયામણ બચશે.

- જયરાજ

### બજેટમાં આટલુ કરજો

તંત્રીશ્રી,

કેન્દ્રીય નાણામંત્રીશ્રીને બિનંતી છે કે આગામી કેન્દ્રીય બજેટમાં આટલું કરજો (૧) વીમા એજન્ટોની કમિશનની આવક રૂા. બે લાખ કરતા વધે ત્યારે જ જે તે વિમા કંપની આઇટી કાપે તેવો સુધારો માર્ચ ૨૦૦૮ પાછલી અસરથી લાગુ પડે તેવો કરો. (૨) અણુ ઉર્જાને બદલે વૈકલ્પિક ઉર્જાને મહત્તમ મહત્વ આપો (૩) કોમ્પ્યૂટરની સાથે સાથે મેન્યુઅલ ચાલુ રખાવો (૪) શિક્ષણમાં કરાટે, યોગ, શ્રમ, સાદગી, માનવતા, દેશ પ્રેમ, સંસ્કાર, કુદરતી ઉપચાર, નાડી ચિકિત્સા, આયુર્વેદને મહત્તમ મહત્વ આપો. (૫) કુદરતી ખેતી, જુના દેશી બીયારણ વડે થાય તે માટે યોગ્ય કરો.

- સરયુબેન તન્ના

- ડો. નીલાબેન જાની (રાજકોટ)

### ખાટસ્વાદિયા ભાગ્યા : વાહ, મતદારો વાહ !

તંત્રીશ્રી,

લોકસભાની ચૂંટણીમાં ભારતીય મતદારોએ પોતાની કોઠાસૂઝ અને સમજદારીથી મતદાન કરી દેશને સ્થિર સરકાર અને દેશની સુરક્ષા અખંડિતતા માટે રાષ્ટ્રીય પક્ષોની તરફેણમાં મતદાન કરી શાસકપક્ષ - વિપક્ષને પૂરતી સંખ્યામાં ચૂંટી પોતાની આગવી સૂઝ દર્શાવેલ છે.

દેશમાં મતદાન પહેલા... તબક્કાવાર મતદાન પછી ચૂંટણીના પરિણામો ૧૬-૫ના જાહેર થયા ત્યારથી આગલી રાત સુધી પ્રાદેશિક પક્ષો, સતાના દલાલો, ત્રીજા-ચોથા મોરચા દ્વારા દબાણ બ્લેકમેઇલીંગ કરી સત્તા હડપવા માંગતા પરિબળોને શાણા મતદારોએતેમનું સ્થાન બતાવી દીધેલ છે.

ડાબેરીઓ બંગાળ - કેરળને નજર સમક્ષ રાખી માયાવતીને વડાપ્રધાન પદનું ગાજર બતાવી દેશની લોકશાહ પધ્ધતિને નેપાળની જેમ તહસનહસ કરવા માંગતા હતા. ઓરિસ્સા, છત્તીસગઢ, ઝારખંડ, આંધ્રપ્રદેશ, બિહાર જેવા રાજ્યોમાં માઓવાદીઓ નકસલવાદીઓ સતત હિંસા આચરી પોલીસ, લશ્કર, સરકારી, રાજકીય, નાગરિકોની બેરહમ હત્યા કરી દેશમાં લાલજાજમ બીછાવવા માંગતા હતા પણ દેશના શાણા મતદારોએ તમામ રાજ્યોમાંઆવા તત્વોને વીણી-વીણી તેમના સ્થાને ગોઠવી દીધા છે.

રાષ્ટ્રીય પક્ષોને બિહારમાં એક સીટ આપવાની ઉદારતા બતાવી અને યુ.પી.માં ચાર સીટ આપવાની વાત કરનાર આગેવાનોને પ્રજાએ ફગાવી દીધેલ છે. ખરેખર તો 'જય હો' ભારતીય મતદારોનો થયો છે. તેમણે દેશની સુરક્ષા - અખંડિતતાના પડકાર સમા આ ગુમડાને મત દ્વારા નસ્તર મૂકી નોર્મલ કરી દીધેલ છે. યુ.પી.એ. એન.ડી.એને પરિણામો બાદ ટેકો આપી પ્રધાનપદ, હોદો, બ્લેકમેઇલીંગની ખ્વાહિશવાળા તત્વોને મતદારોએ દરેક રાજ્યોમાં પરાસ્ત કરેલ છે. આજે સામે ચાલીને યુ.પી.એ.ને ટેકો આપવા સ.પા., બસપા, આજેડી, બોજપા નાના-નાના પક્ષો - અપક્ષો લાઇન લગાવીને ઉભા છે. કહે છે બિનશરતી ટેકો આપીએ છીએ. અમારે કોઇ હોદો પદ જોઇતું નથી. આવી પરિસ્થિતિ નિર્માણ કરનાર ભારતીય મતદારો વંદન અભિનંદનના અધિકારી છે. આશા રાખીએ ભવિષ્યમાં દેશમાં દ્વિપક્ષ પ્રથા દ્વારા દેશનું કલ્યાણ થાય શાસક - વિપક્ષ સમજદારી કેળવી ભારત વર્ષની સો કરોડની જનતાને નિશ્ચિત બનાવે અને દેશને સર્વોચ્ચતાના શિખર પર લઇ જાય.

- બિપીન દવે (હળવદ)

### ગૌહત્યા અટકાવો

તંત્રીશ્રી,

આ જગતમાં જન્મદેનારી જનેતા પછી કોઇનું મહત્વ હોય તો તે છે ગૌમાતા પ્રાત:સમયે ગૌમાતાનાં દર્શન કરવાથી તમારો દિવસ શુભ બની જાય છે એવું મહર્ષિ વેદવ્યાસજીએ કૃષ્ણ-ગોવાળીયાની મિત્રતા વખતે મહાભારતમાં કહેલું છે. હિન્દુ ધર્મમાં તો ગાયમાતામાં તેત્રીસ કરોડ દેવતાનો વાસ થાય છે એવી ધાર્મિક માન્યતા રહેલી છે. ગાય-માતાની પ્રદક્ષિણા કરવાથી પરાભવનાં પાપનો નાશ થાય છે.

ગૌમાતાનું મહત્વ શબ્દોમાં વર્ણન શકય નથી. આજે અવાર-નવાર વર્તમાનપત્રોમાં ગાયોનાં કે બળદોનાં કે વાછરડાંના ટ્રકો ઝડપાયા એવું આવે છે અને ખાનગીમાં તો શું થતું હશે એની કલ્પના પણ અરેરાટી ફેલાવી દે છે. ગૌરક્ષકોને પણ અવાર-નવાર મોતની ધમકી પણ દેતાં હશે. ગાયોની હત્યા કરીને તેનાં કપડાં, માંસ, ચામડાં, શિંગડા દ્વારા આર્થિક ઉર્પાજન કરે છે. તેની જિંદગીને આ જગતમાં શ્રેષ્ઠ જીવ છે તે પૈકી અબોલ જીવની હત્યા કરીને પેટનો ખાડો પુરો કરે છે.

અરે ! આર્થિક ઉપાર્જન મેળવવાનાં તો અનેક ધંધાઓ અને રોજગાર આપણી સમક્ષ ઉપલબ્ધ છે. મિત્રો ! વિચાર તો કરો કે જે ગાય નિ:સ્વાર્થભાવે પોતાનું દૂધ જે માનવીને આપીને તંદુરસ્ત બનાવ્યો છે એ જ માનવી તેની હત્યા કરે છે. આ બધી બાબતો ઓછી હોય એમ ગૌમાતા માટે ગૌચરો પણ એકદમ ઘટી રહ્યા છે શું થશે આ ગાયોનું ને પશુપાલકોનું ?

ગૌ હત્યા અટકાવવા આજે સમાજનાં તમામ વર્ગોએ, પોલીસ ભાઇઓએ, સમાજસેવકોએ તથા વર્તમાનપત્રોએ અને સરકારે ભેગા મળીને આ ઉમદા કાર્ય કરવાની આજે વિશેષ જરૂર છે. આવનારી ૨૧મી સદીમાં પશુપાલન એ જીવાદોરી સમાન બનનાર છે માટે ગૌહત્યા અટકાવવી અનિવાર્ય છે. ગૌમાતા પણ સહુને અંતરથી મૂક અવાજે ખોબલે ખોબલે આશિષ આપશે.

- વનરાજ રબારી (નોલી)

### ચર્ચાપત્રીઓએ આટલું ખાસ સમજવું જોઇએ

તંત્રીશ્રી,

ગુજરાતના જુદા જુદા દૈનિક અખબારોમાં લોકોની વાચાને ન્યાય આપતો એક વિભાગ લગભગ દરરોજ આવે છે. જેમાં આમ જનતા પોતાની વ્યથા, કથા, પ્રશ્નો, સૂચનો, ટીકાઓ લખતા હોય છે. જે બહુ સારી વાત છે. પરંતુ આવી લેખિની માટે કલમ ઉપાડતા પહેલા જે તે વિષય પ્રત્યે સો વાર વિચાર કરી લેવો જોઇએ. ઉંડા અભ્યાસ કે જરૂરી જ્ઞાન હોવું જોઇએ. કેટલાક લોકો પોતાના નામની પ્રસિધ્ધી માટે લખતા હોય છે. કેટલાક અધકચરૂં જ્ઞાન ઢોળતા હોય છે તો વળી કોઇ માત્ર ટીકાકે ટીપ્પણી રૂપે કલમ ઢસળતા હોય છે. દરેક ચર્ચા પત્રિ બધા જ વિષયોઓનો નિષ્ણાંત ન હોવા છતાં બધા જ વિષયો પર મંતવ્યો ઢોળતો હોય છે એવા ચર્ચા પત્રો કે પત્રિકાઓની અખબારોને જરૂર નથી. ઉપાડવી આ વિભાગમાં કલમ ઉપાડવી એટલે તલવારની ધાર પર ઉભા રહીને લખવા જેવું જોખમ છે. તે સમજી લેવું, ગબડી પડયા તો શિરચ્છેદ (અજુગતા મંતવ્યો વાંચકો તુચ્છકારે છે) અને સચોટ મંતવ્યો મનથી વધાવે છે. જાહેર રજાઓ બાબતે શાળાઓના, સરકારી કચેરી (રાજ્ય સરકાર) અને કેન્દ્ર સરકારના અલગ અલગ નિયમો હોય છે, બેંકોની રજાઓ બીજા ખાતાઓ સાથે સરખાવી ન શકાય. વળી, દરેક રાજ્યોના પ્રાદેશિક તહેવારોને ધ્યાનમાં રાખી રાજ્ય સરકારો રજા જાહેર કરતા હોય છે. તેને રાષ્ટ્રીય લેવલે એક સૂત્ર બનાવવું અનુચિત છે. જેની જાણ ચર્ચા પત્રિઓને હોવી જોઇએ. માત્ર સૂચન, ટીકા કે પ્રશ્નો જ રજુ કરવા નહી તેના નિકાલ માટેના સદ્‌ભાવના પૂર્ણ રસ્તાઓ શું છે તે પણ જણાવવાથી સંબંધિતોને માર્ગદર્શનરૂપ થઇ પડશે. જાહેર જીવન સાથે જોડાયેલા લોકોએ આટલી સમજ કેળવવી જરૂરી છે.

- નટુભાઇ ત્રિવેદી (જામનગર)

### 'માઁ'

*જગમાં 'માઁ' ના તોલે આવે ના કાંઇ,*
*જન્મ મળ્યો વ્હાલી 'માત' થકી,*
*'માઁ' તો છે દેવદૂત સમાન,*
*'માઁ' પ્રતાપે રહે હૈયે હામ અતિ.*
*'માઁ' તણાં છે અગણિત ઉપકાર,*
*'માઁ' વિના થાયે ના કોઇનું કલ્યાણ,*
*ઘીની ધાર સમાન છે 'માઁ'ની ત્રાડ,*
*'માઁ' વિના કોઇ લડાવેના લાડ.*
*જીવનમાં અદ્‌ભૂત છે 'માઁ'નું સ્થાન,*
*બની રહે 'માઁ' બાળકની કાયમી ભેરૂં,*
*'માઁ'નું સ્થાન ના લઇ શકે મેરૂ !*
*'માઁ'નું સન્માન કરીએ સૌથી અદકેરૂં !*

**- ધીરૂભાઇ કક્કડ (રાજકોટ)**

### સપનાની દુનિયા

*સપનાની એ દુનિયા અમારી ક્યા ગઇ ?*
*શાને આંખો અમારી જલ્દી ઉઘડી ગઇ ?*
*સમંદરની એ ગહેરાઇ ક્યાં ગઇ ?*
*શાને આ મરજીવાની બાહો ફેલાઇ ગઇ ?*
*પ્રેમના પુષ્પોની એ કેડી ક્યાં ગઇ ?*
*શાને આ નફરતની જાજમ પથરાઇ ગઇ ?*
*મિલનની એ ઘડીઓ ક્યાં ગઇ ?*
*શાને વિરહની વેદના દિલમાં છવાઇ ગઇ ?*
*ઉર્મિની એ દુનિયા અમારી ક્યાં ગઇ ?*
*શાને કાગળ પર દુનિયા અમારી કેદ થઇ ગઇ ?*

**- જીજ્ઞાસા ચંદારાણા (રાજકોટ)**

### મારે..

*શબ્દથી અર્થ સુધીનો પ્રવાસ મારે,*
*અર્થથી સમર્થ સુધીનો વિશ્વાસ મારે.*
*કર્ણથી નયન સુધીનું અંતર કેટલું !*
*ધરી મૌન, વાણીનો ઉપવાસ મારે.*
*સત્યને સત્ય સ્વીકારવા તૈયાર કેટલા ?*
*પરાકાષ્ઠાએ પ્રગટ થતું અનાયાસ મારે.*
*કેટલું કહી શકે જબાન પગુ આખરે,*
*શક્યતાઓના વમળમાં અવકાશ મારે.*
*અથથી ઈતિ બંને મારે છે શૂન્યથી,*
*મધ્ય માર્ગમાં કરવો રહ્યો નિવાસ મારે.*

**- ચૈતન્ય જોષી (જામખંભાળીયા)**

### કહો વાદળોને...

*સૂરજ તારા તડકા દઝાડે અંગ-અંગ*
*ઉકળાટ તારો પાડે મોજમાં ભંગ*
*અમ ગોરીના ચહેરાનો થયો ઝાંખો રંગ,*
*તારા તડકામાં જામે છે ઝગડાના જંગ*
*રૂવે-રૂવેથી વહે પરસેવાની ધારા,*
*થઇ જાય શરીર જાણે માટીના ગારા,*
*દેખાડે ગરમી ધોળે દિ' આકાશમાં તારા,*
*ઓ સૂરજ, આવવા દે હવે વાદળના વારા.*
*પૃથ્વીનો ગોળો બન્યો જાણે અગનગોળો,*
*લીલીછમ ધરતીનો થયો સુકોભઠ ખોળો,*
*બહાર વરસે તાપને ઘરમાં ઉકળાટ,*
*તારા તડકાએ મચાવ્યો કાળો કકળાટ.*
*સૂરજ થયો ઝેરી ને પવન થયો વેરી,*
*ઉનાળે ભાવે સૌને પાકેલ કેસર કેરી,*
*તપીને તડકામાં થયા વઢકણા અમ ગોરી,*
*સૂરજની જેમ કાયમ તપે છે ઇ છોરી.*
*સૂરજ તારા તડકા દઝાડે અંગ-અંગ,*
*કહો વાદળોને હવે જમાવે આભમાં રંગ.*

**- રાજન સુરૂ (રાજકોટ)**

**રોજગારી માટે સંસ્કૃતિમાં મારગ દેખાડયા છે - અનુકૂળ લાગે તો અમલમાં મૂકાય**

## આજીવિકા : રૂપિયા પાછળ દોડજો, પણ...

તંત્રીશ્રી,

જેમણે આ સંસારમાં જન્મ ધારણ કર્યો છે અને દીક્ષા નથી લીધી તેમણે પોતાના જીવનનિર્વાહ અને અર્થોપાર્જન કરવું પણ અનિવાર્ય બની જાય છે. જૈન સાધુઓ કે જૈન ધર્મ કોઇ ગૃહસ્થને અર્થોપાર્જન કરવાની પ્રેરણા કદી આપતા નથી. સંસારી જીવ અનાદિકાળના સંસ્કારોને કારણે ધન કમાવા માટે ઉદ્યમ કરવાનો જ છે. જૈન શાસ્ત્રકારો તેને એટલી સલાહ જ આપે છે કે, 'દ્રવ્યોપાર્જનની ચિંતા કરતી વખતે વ્યવહારની શુધ્ધિ, દેશાચાર વિરૂધ્ધનો ત્યાગ, ઉચિત આચારનું આચરણ અને ધર્મની મર્યાદાઓનું પાલન કરવું અત્યંત જરૂરી છે.' 'શ્રાધ્ધવિધિ પ્રકરણ' ગ્રંથમાં પણ ગૃહસ્થની આજીવિકાના સાત ઉપાયોની સમીક્ષા કરતાંઆ પ્રકારની પ્રેરણા જ કરવામાં આવી છે.

'શ્રાધ્ધવિધિ પ્રકરણ ગ્રંથમાં આજીવિકાના સાત પ્રકાર ઉતરતાં ક્રમે દર્શાવવામાં આવ્યા છે. (૧) વ્યાપાર (૨) વિદ્યા (૩) ખેતી (૪) પશુપાલન (૫) કળાકૌશલ્ય (૬) સેવા (નોકરી) અને (૭) ભિક્ષા. આ ઉપાયોની અત્યંત ટૂંકમાં સમીક્ષા કરતાં કહેવામાં આવ્યું છે કે, 'વણિક લોકો વ્યાપારથી, વૈદ્ય આદિ લોકો પોતાની વિદ્યાથી, કણબી લોકો ખેતીથી, ભરવાડ લોકો પશુપાલનથી, સુતાર વગેરે લોકો પોતાની કારીગરીથી, સેવક લોકો નોકરીથી અને ભિખારી લોકો ભિક્ષાથી પોતાની આજીવિકા મેળવે છે.' આજના કાળમાં પણ લોકોના આજીવિકા મેળવવાના જે ઉપાયો છે, તેનો સમાવેશ આ સાત પૈકી એકમાં કરી શકાય તેમ છે.'

(૧) વ્યાપાર : ધાન્ય, ઘી, તેલ, કપાસ, સૂતર, કાપડ, તાંબા, પિત્તળ આદિ ધાતુ, મોતી, ઝવેરાત, નાણુ વગેરે અનેક પ્રકારની ચીજોના વેપાર થાય છે. એવી લોકોકિત છે કે '૩૬૦ પ્રકારનાં કરીયાણા છે.' આ ચીજોના પેટા ભેદો જોવા જઇએ તો લાખો થાય તેમ છે. વર્તમાન કાળમાં જેને કોમોડિટી કહેવામાં આવે છે, તેનો સમાવેશ વેપારમાં થાય છે. નાણાંની ધિરધારનો સમાવેશ પણ વેપારમાં થાય છે. આજે શેરોનો જે વ્યાપાર થાય છે, તેને હકીકતમાં વ્યાપાર કહી શકાય નહીં.

(૨) વિદ્યા : આ દુનિયામાં અનેક પ્રકારની વિદ્યાઓ છે. આ વિદ્યાઓનો ઉપયોગ કરીને પણ પોતાની આજીવિકા ચલાવી શકાય છે. 'શ્રાધ્ધવિધિ પ્રકરણ' ગ્રંથમાં વૈદક, જ્યોતિષ, વાસ્તુ, શુકન, નિમિત્ત, સામુદ્રિક, તર્ક, ઔષધ વગેરે વિદ્યાઓની યાદી આપવામાં આવી છે. વર્તમાનકાળમાં જે તબીબી વ્યવસાય છે, તેનો સમાવેશ વૈદકની વિદ્યામાં કરી શકાય છે. હાલમાં દવાઓ બનાવવાનો જે ફાર્મસી ઉદ્યોગ છે, તેનો સમાવેશ ઔષધની વિદ્યામાં થાય છે, જેનો વેપાર કરનારને ગાંધી કહેવાય છે. 'શ્રાધ્ધવિધિ' માં કહ્યું છે કે, 'વૈદ્યવિદ્યા તથા ગાંધીપણું તેનાથી પ્રાયે માઠું ધ્યાન થવાની સંભાવના હોવાથી આ વિદ્યાઓ વિશેષ ગુણકારી નથી.'

દવાઓ બનાવવાના અને વેચવાના વેપારમાં અનેક ગણો ફાયદો છે, કારણ કે એક રૂપિયાની વસ્તુ સો રૂપિયામાં વેચાય છે. તો પણ આ વ્યવસાય ઈચ્છવાયોગ્ય નથી કારણ કે તેમાં લોકોની માંદગીની જ પ્રાર્થના કરતા રહેવાનું હોય છે. શ્રાધ્ધવિધિમાં લખ્યું છે કે 'મનમાં ધન કમાવાની ઈચ્છા રાખનારા જે વૈદ લોકોના માંદા પડવાની ઈચ્છા કરે છે એવા વૈદના મનમાં દયા ક્યાંથી હોય ? કેટલાક વૈદ તો પોતાના સાધર્મી, દરિદ્ર, અનાથ અને મરણને કાંઠે આવેલા લોકો પાસેથી પણ બળાત્કારે દ્રવ્ય લેવાને ઈચ્છે છે. અભક્ષ્ય વસ્તુ પણ ઔષધમાં નાંખીને રોગીને ખવરાવે છે અને જાતજાતના ઔષધાદિના કપટથી લોકોને ઠગે છે.'

આ વાત આજના વૈદોને, ડોકટરોને અને ફાર્માસ્યુટિકલ કંપનીઓને પણ લાગુ પડે છે. આજે વિદ્યાર્થીઓ તબીબી વ્યવસાયમાં જવા માટે જે પુરૂષાર્થ કરે છે, તેમના માટે 'શ્રાધ્ધવિધિ પ્રકરણ'નાં આ વિધાનો લાલબત્તી જેવા છે. આજે વિદ્યાર્થીઓ તબીબી શિક્ષણ પાછળ જે લખલૂંટ ખર્ચાઓ કરે છે તે છેવટે તો ગરીબ દર્દીઓ પાસેથી જ વસૂલ કરવામાં આવે છે. દવા કંપનીઓ અને ડોકટરોની સાંઠગાંઠને કારણે ગરીબ દર્દીઓની રીતસર લૂંટફાટ કરવામાં આવે છે, માટે આજીવિકાનો આ પ્રકાર ઈચ્છનીય નથી.

(૩) ખેતી : પ્રાચીન ગ્રંથોમાં ત્રણ પ્રકારની ખેતીની વાત લખવામાં આવી છે. એકમાત્ર વરસાદના પાણીથી થતી ખેતી, બે કૂવા આદીના પાણીથી થતી ખેતી અને ત્રણ, વરસાદ અને સિંચાઇ બંનેથી થતી ખેતી. આજે પણ આ ત્રણ પ્રકારની ખેતી જ ચાલી રહી છે. 'શ્રાધ્ધવિધિ પ્રકરણ' ગ્રંથમાં લખ્યું છે કે 'વ્યાપાર, વિદ્યા અને ખેતી આ ત્રણમાં ખેતી સૌથી ઉતરતી છે અને વિવેકી માણસને કરવા યોગ્ય નથી.' આમ લખવાનું કારણ એ છે કે ખેતીમાં સૂક્ષ્મ જીવોથી માંડીને સાપ, સળસિયા, દેડકાં આદિ નિર્દોષ જીવોની ભારે હિંસા થાય છે. વળી આજની ખેતીમાં તો જંતુનાશક દવાઓના ઉપયોગને કારણે આ હિંસા ખૂબ વધી ગઇ છે.

(૪) પશુપાલન : ગાય, ભેંસ, ઉંટ, ઘેટાં-બકરાં, ઘોડા, હાથી વગેરે પશુઓનો ઉછેર કરીને પોતાની આજીવિકા રળવી તેને પશુપાલન કહેવાય. 'શ્રાધ્ધવિધિ' ગ્રંથમાં ખેતીની જેમ પશુપાલનને પણ સાધન ગણાવવામાં આવ્યું છે. તેનું કારણ એ છે કે પશુપાલનના વ્યવસાયમાં બળદની ખસી કરવી વગેરે હિંસાના કૃત્યો કરવામાં આવે છે. વળી પશુઓને ગાડીમાં કે હળમાં જોતરવામાં પણ હિંસા છે. જો નછૂટકે આજીવિકા માટે ખેતી અને પશુપાલન જેવી પ્રવૃત્તિ કરવી પડે તો પણ તેમાં જીવદયાની વૃત્તિ રાખવી જોઇએ.

(૫) કળા - કૌશલ્ય : પ્રાચીન શાસ્ત્રોમાં સો પ્રકારનાં શિલ્પોનો ઉલ્લેખ કરવામાં આવે છે. તે પૈકી કુંભાર, સુથાર, ચિત્રકાર, લુહાર અને હજામ આ પાંચ કળાઓ જ મૂળભૂત છે. બાકીની બધી કળાઓ આ કળાઓના પેટાભેદ જેવી છે. આ દરેકના ૨૦-૨૦ પેટાભેદ ગણતાં ૧૦૦ પ્રકારની કળાઓ થાય છે. સ્ત્રીઓની ૬૪ કળાઓ થાય છે. સ્ત્રીઓની ૬૪ કળાઓ અને પુરૂષોની ૭૨ કળાઓ પૈકી અમુકનો સમાવેશ વિદ્યામાં થાય છે અને અમુકનો સમાવેશ ૧૦૦ શિલ્પમાં થાય છે. આ કળાઓનો ઉપયોગ આજીવિકા રળવા માટે કરી શકાય છે. આજે દેશમાં શિલ્પા, હસ્ત-ઉદ્યોગ, ગૃહઉદ્યોગ, ખાદી, હેન્ડલૂમ, પાવરલૂમ, મિલો, કારખાનાઓ વગેરે જે મેનુફેકચરીંગની પ્રવૃત્તિ ચાલે છે તેનો સમાવેશ આ વિભામાં કરી શકાય. આજના ઉદ્યોગો પણ કળા-કૌશલ્યના ફાંટાઓ જ છે.

(૬) સેવા (નોકરી) : 'શ્રાધ્ધવિધિ પ્રકરણ' ગ્રંથમાં નોકરી કરનારને કૂતરાં કરતાં પણ હલકો ગણવામાં આવ્યો છે. તેનું કારણ આપતા લખવામાં આવ્યું છે કે 'શ્વાન તો પોતાના ધણીની ખુશામત પૂંછડીથી કરે છે, જ્યારે સેવક તો ધણીની ખુશામત માથું નમાવીને કરે છે. તેમ છતાં બીજી કોઇ રીતે નિર્વાહ ન થતો હોય તો સેવા કરીને પણ વિવેકી પુરૂષે પોતાનો નિર્વાહ કરવો.' કહ્યું છે કે, 'સેવક કાંઇ ન બોલે તો મૂંગો કહેવાય, જો છૂટથી બોલે તો બકનારો કહેવાય, જો આઘો બેસે તો બુધ્ધિહીન કહેવાય અને જો સહન કરે તો હલકાં કુળનો કહેવાય. માટે યોગીઓથી પણ ન જાણી શકાય તેવો સેવાધર્મ બહુ કઠીન છે.'

જો નોકરી કરવી જ પડે તો સમજુ, કદરદાન, ગુણવાન, ઉદાર, શૂરવીર અને સત્વશાળી ધણીની જ કરવી. ક્રૂર, વ્યસની, લોભી, નીચ, ઘણા કાળનો રોગી, મૂર્ખ અને અન્યાયી માણસની નોકરી કદી કરવી નહીં. ધણીએ પણ સેવકના ગુણ પ્રમાણે તેમનો આદરસત્કાર કરવો જોઇએ. જ્યારે ધણી સારા અને નરસા સેવકોને એક પંક્તિમાં ગણે ત્યારે ઉદ્યમ કરવાને સમર્થ એવા સેવકોનો ઉત્સાહ ભાંગી જાય છે. સેવા જેની કરવાની હોય છે, તેવા ધણી પણ ચાર પ્રકારના હોય છે. રાજા, અમલદાર, શ્રેષ્ઠી તેમજ અન્ય. આ ચાર પૈકી રાજાની સેવા સૌથી વધુ ફળ આપનારી છે, પણ તેમાં હિંસક કાર્યો ન કરવાની કાળજી રાખવી જોઇએ.

(૭) ભિક્ષા : સંસારનો ત્યાગ કરનારા સાધુ - સાધ્વીજી ભગવંતો જે ભિક્ષા દ્વારા જીવનનિર્વાહ કરે છે તે 'સર્વસંપત્કરી' ભિક્ષા કહેવાય છે. ગુરૂની આજ્ઞામાં રહેલા, ધર્મધ્યાન આદિ શુભ ધ્યાન કરનારા અને આજીવન તમામ પ્રકારની હિંસાનો ત્યાગ કરનારા સાધુ-સાધ્વીજીની ભિક્ષા સર્વનું કલ્યાણ કરનારી હોવાથી તે 'સર્વસંપત્કરી' કહેવાય છે. આ સિવાયતમામ પ્રકારની ભિક્ષા અપમાનજનક અને લઘુતા કરનારી હોવાથી અપનાવવા યોગ્ય નથી. શાસ્ત્રોમાં કહ્યું છે કે, 'રોગી, ઘણા કાળ સુધી પ્રવાસ કરનાર, નિત્ય પારકું અન્ન ભક્ષણ કરનાર અને પારકે ઘરે સૂઇ રહેનાર માણસોનું જીવન મરણ સમાન છે.' ભિક્ષા માંગીને નિર્વાહ કરનારો માણસ બહુ ખાનારો, બેદરકાર, આળસુ અને ઘણી નિદ્રા લેનારો હોવાથી જગત માં નકાશો બની જાય છે.

મનુસ્મૃતિમાં કહ્યું છે કે 'રૂત, અમૃત, મૃત, પ્રમૃત અને સત્યાનૃત એટલા ઉપાયથી પોતાની આજીવિકા કરવી પણ નીચ સેવા કરીને પોતાની આજીવિકા રળવી નહીં.' ચૌટામાં પડેલા દાણા વિણવા તે રૂત કહેવાય છે, યાચના કર્યા વગર મળેલું અમૃત કહેવાય છે અને યાચના કરીને મેળવેલું મૃત કહેવાય છે. પ્રમૃત એટલે ખેતી અને સત્યાનૃત એટલે વેપાર જાણવો આજીવિકા માટે આ બધું કરી શકાય, પણ નીચ મનુષ્યની સેવા કદી કરી શકાય નહીં, એમ મનુસ્મૃતિ કહે છે. આ વર્ણન ઉપરથી મનુષ્યે પોતાના માટે કઇ આજીવિકા શ્રેષ્ઠ ? તેનો નિર્ણય કરવો જોઇએ અને તે મુજબ આચરણ પણ કરવું જોઇએ.(૨૧.૭)

**- સમસ્ત મહાજન નેટવર્ક**

### થશો બાદબાકી...

*નિભાવી લે ને, પડયું પાનુ,*
*બે બાળકોનો પિતા થયો તું.*
*વિચારો, આચારો, અલગ તારા,*
*પડયું પાનુ નિભાવી છે બાળકો તારા.*
*પ્રેમ કરી પ્રેમલગ્ન કર્યા સારૂ લાગ્યું,*
*અહંની દિવાલો ચણી ક્યાં હાલે ગાડું !*
*કેટલું ભણ્યા, ઉચ્ચ શિક્ષણ તમારૂં,*
*સોળે કળાએ સંસ્કાર કમળ ખીલ્યું.*
*કેમ અટકયું સંસાર ચક્ર તમારે,*
*ન ખબર પડવા દયો આ બાળકોને.*
*હિજરાઇ જશે, તમ, વહેવારથી એ,*
*તો, આટલું સહી લેજો સંતાન માટે.*
*અણગમો અહં અવહેલનાઓ,*
*ઉંડે, મનમાં ઉંડાણમાં ધરબી દેજો.*
*ઊડી જશે, બાંધશે માળો પોતાનો,*
*લાવી ચણ જમાડશે સંતાનો.*
*રહી જશો તમે બે, જતાં રહેશે તમારા બે,*
*વસાવજો વૃધ્ધત્વ, તમારા અહમને તોડીને.*

**- ડો. એન.એમ.મહેતા (રાજકોટ)**

### હાસ્યિમ ગુજરાત!

ચંદ્ર ઉપર પહેલો પગ મૂકયાનો જશ
ભલે કોઇ અમેરિકન ખાટવાનો...
પણ, ચંદ્ર પર પહેલી દુકાન તો, બોસ
ચોક્કસ કોઇ ગુજરાતી જ નાખવાનો...!!
ગુજરાતીઓ નંબર વન છે, દુનિયાની સહુ વાતમાં
રૂપિયા કામવા કૂદી પડતા દુબઇના અખાતમાં.
જય ગરવી ગુજરાત, જય ગરવી ગુજરાત.
નરબદાના પાણી પહોંચ્યા તુલસીશ્યામ ઘાટમાં
મમતા હા - ના કરવામાં રહી 'નેનો' છે ગુજરાતમાં
જય ગરવી ગુજરાત.
મફત મળે તો અમદાવાદી ભરગરમીમાં તાપે છે,
પંદરના સાબુ માટે એ પચ્ચા કૂપન કાપે છે,
પાણીપૂરી ખાવા રાતે માણેક ચોકમાં જાવાના,
કોઠી જેવી બૈરી સાથે કોઠી આઇસ્ક્રીમ ખાવાના
તોય સવારે છાપુ જોઇને મંદીના ગીત ગાવાના
હપ્તાવાળી ગાડીનો વટ પાડે રાખે નાતમાં
ગુજરાતીઓ નંબર વન છે દુનિયાની સહુ વાતમાં
જય ગરવી ગુજરાત.
રાજકોટની બાયું એટલે જાણે વિજળીના ઝટકા
ત્યાંના ભાયડા તોપું જેવા ભારે વટના એ કટકા
જલ્લેબી ને ગાંઠીયાના એ રહુડિયા તો બૌ ભારે
લટકીવાળા સોડા-લેમન વિમ્ટોના જલસા મારે
એની માથે ભડના દિકરા ફાકી માવા ઠબકારે
કોણ પડે છે ડાયાબિટીસ કેન્સરની પંચાતમાં ?
ગુજરાતીઓ નંબર વન છે દુનિયાની સહુ વાતમાં
જય ગરવી ગુજરાત.
જેણે સુરતનો લોચો ને ઉંધિયું - પોંક નથી ચાઇખા
એ હહરીનાએ જીવનમાંથી હું કાંદા કાઢી લાઇખા ?
હુરતીલાલા હાડી વેચે કાં હીરા ઘહવા વારા
પૂર આવે કે પ્લેગ ફેલાયે કાયમ બેક્કા થાનારા
ચિંતાને 'કાયપો છે' કહી દે સદાય લ્હેરથી રહેનારા
નાન ખટાઇ બિસ્કીટ ખાયે ઘારીની સંગાથમાં
ગુજરાતીઓ નંબર વન છે દુનિયાની સહુ વાતમાં
જય ગરવી ગુજરાત.
ગમે તેમ તો ગુજરાતીઓ છત્રીસની છાતીવાળા
અમેરિકાના બધ્ધા મોંટેલ માલિક મેહાંણાવાળા
ડાહીમાના ગુજરાતીઓ સૌથી કોઠાડાહ્યા છે
દુનિયાભરના બિઝનેસોમાં મોટું નામ કમાયા છે.
કેનેડા, સિંગાપુરથી લઇ યુ.કે.માં પથરાયા છે.
મહેનત કરવામાં એક્કાને ભરોસો છે જાતમાં
ગુજરાતીઓ નંબર વન છે દુનિયાની સહુ વાતમાં
જય ગરવી ગુજરાત.... જય ગરવી ગુજરાત.

**હરિવદન જે. ભટ્ટ (અમદાવાદ)**

**માધ્યમોની આવી બુદ્ધિ ? : ત્રાસવાદ સામે શહીદ થયેલા અમરેલી પંથકના જવાનના સમાચાર એક દિવસ આવ્યા... રાજકોટની પૂજા ચૌહાણ ચાર દી'થી છાપે ચમકે છે !**